૬૬૨૦

ગુર્જર કવિ દયારામ કૃત.

ચાતુરીનો ગરબો

વૈકુંઠવાસી માતુશ્રી દીવાળીબાઇના સ્મરણાર્થે

લાડજ્ઞાતિબંધુઓને

ભેટ આપવામાટે

પ્રકાશક

રામદાસ કાશીદાસ મોદી.

મુંબઈ

શ્રી 'ગજાનન પ્રિંટિગ પ્રેસ.' ગાયવાડી.

સંવત્ ૧૯૫૪. સને ૧૮૯૭.

હેતુ.

ગૂજરાતના કવિ દયારામ ભાઇ સુપ્રસિદ્ધ છે. તેમના રચેલા આ લગતના ગરબામાં ગૃહસ્થાશ્રમમાં ડગલે ડગલે ઉપયોગી એવો એકથી એક સરસ શીખામણનો સંગ્રહ દીઠામાં આવશે. તેનું મનન પૂર્વક અધ્યયન મારા લાડ બંધુઓ કરે અને તે પ્રમાણે પોતાનો સંસાર ખેડે એવા હેતુથી તેટલો ભાગ જુદો છપાવી કહાડયો છે.

જે ઉદ્દેશથી લાડ મંડલની સ્થાપના સં. ૧૯૫૦ ની સાલમાં થઈ, તે બર લાવવા માટે વખતો વખત ભાષણોના મેલાવડા કરવામાં આવે છે. પરંતુ હાલમાં તેવા ભાષણોના મેલાવડામાં રફ્તે રફ્તે કમી થતી જતી સભાસદોની હાજરીથી તેઓને તે સાંભળવાનો કંટાળો લાગતો હોય એમ દીઠામાં આવે છે. સબબ તેમને ઘેર બેઠા બોધ મળે એવા વિચારથી આ નવો રસ્તો અખત્યાર કર્યો છે. પરંતુ તે વધારે ખરચાળ છે એટલે મંડલને ખરચે ચાલુ રાખવો પરવડશે નહીં.

મને પોતાને આ વખતે કંઇ પ્રયોજન છે. સંવત્ ૧૯૫૩ ની રામનવમી (ચૈત્ર શુદ ૯ રવેઉ) એ મારા ગંગા સ્વરૂપ માતુશ્રી દીવાળીબાઇ વૈકુંઠવાસી થયાં. તેમની યાદગીરી, મારી અલ્પ ગુંજાસ પ્રમાણે, આ બહાને રહે અને તે દ્વારા મારા જ્ઞાતિ બંધુઓને કંઈ બોધ મળે. માટે લાડ મંડલના દરેક

પરમ ભગવદીય કવિ દયારામ કૃત.

ચાતુરીનો ગરબો.

સર્વ કામ છોડીને પરથમ,
ગુરૂ ગોવિંદને ભજીએજી;
સકલ કામના જેથી સિદ્ધિ,
વારે તેને તજીએ. શિક્ષા શાણાને. ૧
મૂળથી મોટી સંગત કરીએ,
નીચ સંગત પરહરિયેજી;
સંગત પેઠે મન વશ રહેછે,
જેથી તરિયે મરીએ. શિક્ષા શાણાને. ૨
હર પ્રકારે પ્રિય મૃદુ વાણી,
મોટા જન તે જાણેજી,
નિર્દય આપ સ્વારથી જૂઠા,
તે નીચા પરમાણે. શિક્ષા શાણાને ૩
ખરી મહેનતનું દ્રવ્ય જોડિયે,
નીચ નજર ના કરિયેજી;
પાછળથી પસ્તાવો ઉપજે,
હાંસીથી તો ડરિયે. શિક્ષા શાણાને. ૪

સાહસ કર્મ ન કરિયે કદાપિ,
ડરિયે હરિ જગ મારેજી;
ઉતરેલું જળ મોતી ન ચઢે,
વળતું કોટી પ્રકારે. શિક્ષા શાણાને. ૫
નીતે ચાલતાં દુઃખ પડે તોય,
ભલું—સુખ અનીતે કુડુંજી;
*'બેસી નાવ બૂડે નહિ કહેતી',
તરી ઊતરો તોએ ભૂડું. શિક્ષા શાણાને. ૬
વિના વિચારે કામ કરે તે,
પાછળથી પસ્તાયેજી;
'બગડી બુંદ ન હોજે સધરે,'
મળે ન જે તક જાયે. શિક્ષા શાણાને. ૭
કોનું કાઢી ખરચ ન કરિયે,
દાટી ના સહિયે દુઃખજી;
જેવી સંપત તેવું ભોજન,
સદા પામિયે સુખ. શિક્ષા શાણાને. ૮
પૂર્વ વૈર ત્યાં સ્નેહ ન કીજે,
પૂર્વ મિત્રસૂં વેરજી;
મિત્ર કોક દિન ગુંજ† પ્રકાશે,
શત્રુ ન છૂટે ઝેર. શિક્ષા શાણાને. ૯

---

* વહાણમાં બેસીને બૂડવું ભલું, પરંતુ સાગરમાં ભૂસકો મારીને કદાપિ તરી પાર ઉતરે તોપણ લોકાપવાદ પ્રાપ્ત થાય છે. † ગુહ્ય, છાની વાત.

આપ વખાણ અવરની નિંદા,
પર પતિનસૂં હાસજી;
અતિ ભાષણ કટુ જીભ ચલવે,
મોટપણાનો નાસ. શિક્ષા શાણાને. ૧૦
સુખ આવે છાકી નવ જઇએ,
દુઃખ આવે ના ડરિયેજી;
આપણથી અધિકાને જોઇને,
ગર્વ શોક ને હરિયે. શિક્ષા શાણાને. ૧૧
લોભી જન ધન વડે સાધિયે,
ગર્વિષ્ટ જોડી પાણજી;[૧]
મૂરખનું મન ગમતુ કરિયે,
પંડિત સાચી વાણ. શિક્ષા શાણાને. ૧૨
હરિ સાહેબથી સાચા રહિયે,
સ્ત્રીને સર્વ ન કહીએજી;
મોટાં આગળ કોઈ સમે પણ,
મોઢે મોટાં ન થઇએ. શિક્ષા શાણાને. ૧૩
‡રીત નભે નહિ રંદાકેરી,
વાંસલે વરવું થાયેજી;
કરવતની કક્ષા ગ્રહી રાખો,
ઉભે લોક સુખદાયે. શિક્ષા શાણાને. ૧૪

---

૧ પાણી–હાથ.

‡ કડી ૧૪–૧૫ માં સૂથારના ઓજારોના દાખલાથી ચતુરાઇ સમજાવી છે. રંદો જેનાપર ફરે છે તેને સાફ બનાવે છે, વાંસલો જેનાપર પડે તેનું ગાબડું કાઢે છે, પણ

કેવળ સ્વારથી કૃતિ વાંસલાની,
બહુ પરમારથ રંદોજી;
કરવત બેગમ સરખું છાંડે,
રહે ઘર રહે હરિ બંદો. શિક્ષા શાણાને. ૧૫
લાખ ગમાવી સાખ રાખજો,
સાખે મળશે લાખજી;
લાખ ખરચતાં સાખ નવ મળે,
સાખ ગયે સહુ ખાખ. શિક્ષા શાણાને. ૧૬
સહજ મળી પોળી નવ તજિયે,
દૂર મોદિક અભિલાષેજી;
ઊછંગ *સુત અળગો કેમ કરિયે,
ઉદર ગર્ભની આશે. શિક્ષા શાણાને. ૧૭
સામાને શોભા આપેથી;
આપણ શોભા આવેજી;
†પતિ સુખ શોભા સ્ત્રીને કરે જેમ,
સ્ત્રી પતિને દરશાવે. શિક્ષા શાણાને. ૧૮

કરવતી બેઉ બાજુ સરખું છાંડે છે. અર્થાત્ કેવલ સ્વાર્થી માણસો વાંસલા જેવા હોય છે, બહુ પરમાર્થી માણસો રંદા જેવા, પોતાનો કે પારકો કોઇનો પણ પક્ષ ન રાખનારા માણસો તે કરવત જેવા સમાન દષ્ટિવાળા હોય છે. અને તેજ નીતિ ઉત્તમ છે.

* ખોળામાં રમતું બાળક. † ધણી ધણીઆણીને જેટલું સુખ અને શોભા આપે, તેટલું તેને પોતાનેજ મળે છે.

જે કરતાં પરિણામે હાનિ,
તે કારજ ના કરવુંજી;
આપણી પોંચ પ્રમાણે સઘળે,
સમજી ડગલું ભરવું. શિક્ષા શાણાને. ૧૯

જેથી પ્રીત વધ્યાની ઇચ્છા,
તે ઘર [1]ત્રણથી ડરિયેજી;
વિવાદ, ધન વેહેવાર, પરોક્ષે-
વામા વાત-ના કરિયે. શિક્ષા શાણાને. ૨૦

માત પિતા સું હેતજ ધરિયે,
કદા ન ધરિયે દોષજી;
*નાગરવેલ વણસે જેમ દલ વણસે,
જે પહોંચ્યું શતકોશ. શિક્ષા શાણાને. ૨૧

ઈશ વિના કોઈ થકી કદાપિ,
પૂર્ણ પ્રેમ ના કરિયેજી;
ગળેપડી છૂટે નહિ ક્રમે,
પાપ તાપ પછી મરિયે. શિક્ષા શાણાને. ૨૨

થોડું બોલ્યામાં છે સુખ શોભા,
બહુ બોલે પત જાયેજી;

---

૧ વાદવિવાદ, ૨ પૈસાની આપ લે, ૩ ગેરહાજરીમાં સ્ત્રી સાથે સંભાષણ, * નાગરવેલનું પાન સો ગાઉ પર ગયા પછી પણ જ્યારે વિકાર પામે છે, ત્યારે મૂળ વેલીને પણ વિકાર પ્રાપ્ત થાય છે, કારણ કે તેનો પિતૃસંતાન જેવો સંબંધ છે

ચો કોડીનો ચાંલ્લો ભાળે,
સતના પાછળ થાયે. શિક્ષા શાણાને. ૨૩
કામ વિવેક કરતે કદાપિ,
કષ્ટ પડ્યું તે માંહેજી;
તે પછી હરિ ઈચ્છા એમ લહેવું,
બડબડવું નહિ તાંહે. શિક્ષા શાણાને. ૨૪
પાણ વાણ ને દૃષ્ટિ સદઢ,
રાખી સઘળે જઈએજી;
મોટમ આવે, માન પામિયે,
કહીં[1] દુ:ખિયાં નવ થઈએ. શિક્ષા શાણાને ૨૫
જે ભાવે જે પૂછે તેને,
તેવો ઉત્તર દઇએજી;
ભાષણમાં ભીતરનું હારદ,
સહજે સમજી લઈએ. શિક્ષા શાણાને. ૨૬
જે વિના ના ચાલે તેની,
મરજી રાખી રેહેવુંજી;
સમો આપણો સમજી લેવો,
ભૂલ્યુ બગડયું સેહેવું. શિક્ષા શાણાને. ૨૭
તન મન વ્યસનસૂં વિમળ રાખિયે,
આળસ ક્રોધ ન કરિયેજી;
પર દુ:ખ દેખી પ્રસન્ન ન થાવું,
પાખંડ ધર્મ ન ધરિયે. શિક્ષા શાણાને. ૨૮

---

૧ કોઈ પણ ઠેકાણે.

મોટા જનની અદબ રાખવી,
બાળને શિક્ષા દેવીજી;
ગુરૂજન સેવા દયા દીનસૂં;
સ્ત્રીને વશ કરી લેવી. શિક્ષા શાણાને. ૨૯

દિવસે વાત વિચારી કરિયે,
નિશે વિવેક છાંનીજી;
કોઈ સમે કોઈ કહેવું સાંભળે,
ઉપજે મોટી હાની. શિક્ષા શાણાને. ૩૦

મોટા સાથે નવ બગાડવુ,
નીચ ભલાઈ ન સારીજી;
નૃપ યોગીનો નહિ આસંગો૧.
ક્ષણમાં કરે ખુવારી. શિક્ષા શાણાને. ૩૧

નમી ભીંત પર ના લ્યો બારી,
નવ ઠરવું તે હેઠજી;
ભગ્ન ભ્રષ્ટ તન કળી પસ્તાવો,
વણ સ્વારથની વેઠ. શિક્ષા શાણાને. ૩૨

જાર જુગારી તસ્કર વ્યસની,
વિશ્વાસે નવ રેહેવુંજી;
વેહેવારે વેપારે લજ્જા,
નવ ધરવી સટ કહેવું. શિક્ષા શાણાને. ૩૩

---

૧ વિશ્વાસ. ૨ પડાય તો શરીર ભાંગે તથા ભ્રષ્ટ થાય, પાછળથી પસ્તાવું પડે અને વગર સ્વાર્થે વેઠ કરવી પડે એમ જાણીને નમેલી ભીંત પર બારી ન રાખવી.

હરિવણ ક્યાંહી લુબ્ધાઇ ન જાવું,
જુઠું સર્વ સમજવુંજી;
કાળ ઝપેટો પચક લાગશે,
ભગવત ભજન ન તજવું. શિક્ષા શાણાને. ૩૪
જે જે વાતે મીઠું કડવું,
આપણને જેમ લાગેજી;
તેજ પ્રમાણે સમજી લેવું,
સહુને સુખ દુઃખ જાગે. શિક્ષા શાણાને. ૩૫
દંપતિ વચ્ચે દૂત ન થાવું,
કુડી સાખ ના ભરવીજી;
ના કરિયે અરિકિરી ચુગલી,
અધરમ પક્ષ ન ધરવી. શિક્ષા શાણાને. ૩૬
માણસ જોઇને કામ પાડીએ,
મૂરખ મિત્ર ન કરિયેજી;
હઠ ના કરવી ખોટી વાતે,
ક્રૂરને દ્વેષે મરિયે. શિક્ષા શાણાને. ૩૭
દીન સગાને દઇ ન માંગવું,
દે વણ માગે વાળીજી;
દાનો દુશ્મન ગુણે મારિયે,
શકે ન ઊંચું ભાળી. શિક્ષા શાણાને. ૩૮
મર્મ વચન કોઈને નવ કહિએ,
સુણતાં તે, સંકોચજી;
વાટે જતાંનું કષ્ટ કાપિયે,
જ્યાં લગી આપણી પહોંચ. શિક્ષા શાણાને. ૩૯

મધુરી વાણી વદિયે સહુથી,
ઉદર રાખિયે ઊંડુંજી;
મળ્યા મનુષ્યને પ્રાણ આપિયે,
કોનું ન કરીએ ભૂંડું. શિક્ષા શાણાને. ૪૦
કૃતિ ઉપર ના ભૂલી જઈયે,
ગુણ સઘળેથી લેવોજી;
અન્નદાતાને આધીન રહેવું,
લાલચ દગો ન દેવો. શિક્ષા શાણાને. ૪૧
મહા મોટું કંઇ સંકટ આવે,
શ્રી હરિ શરણે જાવુંજી;
હિમ્મત રાખી ઉપાય કરવો,
પ્રાણ મુક્ત ન થાવું. શિક્ષા શાણાને. ૪૨
મૂરખથી કદિ મમત ન કરવો,
*ગાંઠ ગોદડે દેવીજી;
અણી ચૂકાવી કામ કહાડવું,
આગળ વણસે કેવી. શિક્ષા શાણાને. ૪૩
કદળી ઢોલ કુટિલજન કાંટી,
કૂટયા વણ ફળ નાપેજી;
દુષ્ટની સાથે સાધુ ન થાવું,
થાતાં અતિ સંતાપે. શિક્ષા શાણાને. ૪૪
૧કામ કપેચું કાંઇક આવે,
ધીરા થાવું જાણીજી;

---

* ગોદડાની ગાંઠ વાળવી જેવી અશક્ય છે, તેમજ મૂરખને સમજાવવો પણ અશક્યજ છે. ૧ કઢંગુ કામ.

જલદ થયાથી જોખમ લાગે,
પથ્થર ઉપર પાણી. શિક્ષા શાણાને. ૪૫
જેવો સમય વિધિ પણ તેવી,
કરતાં કારજ થાયેજી;
એક રીતે અટકી નવ રહેવું,
રોગ પ્રમાણે ઉપાયે. શિક્ષા શાણાને. ૪૬
અગમ વિચારી સરવે કરવું,
ગફલત કહીં ના રહેવુંજી;
સહુનું વચન વિચારી જોવું,
રોમ રોમ ચિત દેવું. શિક્ષા શાણાને. ૪૭
ગુણવંતે ઈતરાઇ ન કરવી,
વૃદ્ધપણે લાલાઇજી;
ગુમાન ગરજ સમે નવ ધરવું,
ભાગી જાય ભલાઇ. શિક્ષા શાણાને. ૪૮
પર ઘર જઇને દુઃખ ન રોવું,
કોઈ ન થાય વિભાગીજી;
પાછળથી પસ્તાવો ઉપજે,
ભાર જાય સહુ ભાગી. શિક્ષા શાણાને. ૪૯
ઓચિંતા પર ઘરમાં ન જાવું,
વાત કરતે નવ હસવુંજી;
ગુંજ કરતાં હોયે બે જણ ત્યાં,
વણ તેડયા નવ ધસવું. શિક્ષા શાણાને. ૫૦

કૌતકમાં કુમક વણ સજ્જન,
દુરિજન સાથ ન વઢવુંજી;
ગજ ગ્રહવાનો સામન લઇને,
બકરી બંધન ચઢવું. શિક્ષા શાણાને. ૫૧
રીતે પણ ખોટાની સાથે,
વાદ ન કરવો વાતેજી;
ખરાબ ઠામે પથ્થર નાખી,
છંટાવું નિજ હતે. શિક્ષા શાણાને ૫૨
ઉલટી કૃતિ ઘેલાની ગ્રહિયે,
દાસ દક્ષતા[1] લઇયેજી;
સર્વ ઠામથી ગુણ ગ્રહી લેવો,
એમ ચાતુરી લહિયે. શિક્ષા શાણાને. ૫૩
ક્લેશની ઉપર ક્લેશ રાખવો,
ક્રોધની ઉપર ક્રોધજી;
કામ મોહ મદ મત્સર ન ધરવો,
મનને કરવો બોધ. શિક્ષા શાણાને. ૫૪
પચ્ચી પચાસનું ખત ના લખિયે,
અંતે આવે એકજી;
ગળેપડે કોઈ ગુલામ માણસ,
હાનિ વાત વિવેક. શિક્ષા શાણાને, ૫૫
સકલ ચાતુરી એક વેણમાં,
કહું છું સહુ સાંભળજોજી;

૧ ચતુરતા.

હરિ ગુરુ હરિજન સેવી સમરી,
જન્મ મરણથા ટળજો. શિક્ષા શાણાને ૫૬

આ વેહેવાર ચાતુરી શિક્ષા,
ધરશે ઉરમાં રાખીજી;
ભવ સુખ હરિપદ તેમજ શુભજશ,
આબરૂના અભિલાખી. શિક્ષા શાણાને ૫૭

આશ્રમ ચાર વિષે ગૃહસ્થાશ્રમ,
એક વાતથી મોટોજી;
શ્રી હરિની સેવા બની આવે,
માટે તે નહિ ખોટો. શિક્ષા શાણાને. ૫૮

મન ભાવે તે આશ્રમ માંડો,
મારે નહિ લેવા દેવાજી;
દયો કહે મારે તે મોટો,
જે કરે શ્રીહરિ સેવા. શિક્ષા શાણાને. ૫૯

સમાપ્ત

ાસદને ત્યાં આ પહોંચતી કરવામાં આવશે. .થા બીજા ન્યાતી ભાઇઓને પોતે પોતાનું નામ ઠામ લખાવતાં આજથી બે મહિના સૂધી લાડ મંડલના સેક્રેટરીઓ પાસેથી તે મફત મળશે. બહારગામના લાડ બંધુઓને અર્ધા આનાની ટીકીટ પોસ્ટેજ માટે બીડેથી તે પહોંચતી કરવામાં આવશે.

મરનાર પાછળ હાંડા, ટોપ, તપેલાં વગેરે વાસણો; આંબા, રાયણ ફળ ફળાદિ તથા ખાજાં, સુમાળી વગેરે પકવાન્નની લાણીઓ ન્યાતમાં કરવાનો રીવાજ પરાપૂર્વનો છે, પણ તેવા ક્ષણિક શોભા અને ક્ષુદ્ર લાભનો લહાવો લેવાનું ધનવાનો માટે રહેવા દઈ, આવો વિદ્યાવિનોદનો પ્રચાર અલ્પ ગુંજાસવાલા ભાઇઓ ચાલુ કરે તો તેથી આર્યદે અલભ્ય લાભો પ્રાપ્ત થાય. આવા મારા વિચાર આજકાલના નહિ પણ કંઇ વર્ષોના છે. "સુખ સાધક" નામનું નાનું પુસ્તકા મારા તરફથી સને ૧૮૮૩ માં બહાર પડેલું તેની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનાથી તેની વિશેષ ખાત્રી થશે.

સજ્જન જ્ઞાતિ બંધુઓનો આધીન સેવક—

રામદાસ કાશીદાસ મોદી.

બાલોપયોગી પુસ્તકો તથા નકશા.

૧ ગુજરાતી મૂળાક્ષરનો નકશો. રૂલપટી રોગાનવાળો સરકારે નિશાળમાટે પસંદ કરેલો. કીમ્મત ૦—૧૦—૦

૨ બાલવાંચન. આંક., મૂળાક્ષરો, બાલગીતો સુંદર ચિત્ર. સાથેની પ્રથમ પોથી. ૦—૧—૦

૩ બહુરત્નાવસુંધરા. એમાં જુદા જુદા દેશોના લોકોની રીતભાત, પેદાશ, પોશાખ, વગેરે જાણવા જોગ બાબતોનું વર્ણન છે. કીંમત ૦—૨—૦

૪ પ્રાણીપ્રદર્શન. જુદા જુદા પશુ પક્ષીઓનાં સ્વભાવ, ઉપયોગ, સ્થાન વગેરેનું સચિત્ર વર્ણન. ૦—૨—૦

૫ સરસ કવિતા સંગ્રહ. જુદા જુદા જૂના તેમજ નવા કવિયોની ઉપદેશાત્મક સુંદર છંદ, પદમાં રચેલી મનોહર કવિતા. કીંમત ૦—૨—૦

આ સિવાય બીજા સર્વ પ્રકારનાં પુસ્તકો તથા નકશાઓ નીચલે ઠેકાણે મળે છે. અર્ધા આનાની ટીકીટ બીડેથી યાદી મફત મોકલવામાં આવશે.